જા.નં/મા-૨/ઉજવણી/૨૦૨૧/ ૧૨૫૮૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા.૦૯/૦૯/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી,ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

વિષય:-"રાષ્ટ્રીય શાયર" ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતી જન્મજયંતી નિમીત્તે "વીરરસ ઉત્સવ"(કસુંબીનો રંગ) કાર્યક્રમ બાબત.

૨/- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ નો પત્ર ક્રમાંક:પરચ-૧૨૨૧/૧૧૭૬/છ તા.૨૭/૦૮/૨૦૨૧ ના અન્વયે પત્રની નકલ આ સાથે સામેલ છે. જેમાં ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતીમાં ધોરણ-૯ થી ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં વધુ ભાગ લે તેવા પ્રયત્નો આચાર્યશ્રીઓને કરવા જણાવવામાં આવે છે.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

Scanned with CamScanner

"રાષ્ટ્રીય શાયર" ઝવેરચંદ મેઘાણીના
૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે
યોજનાર "વીરરસ ઉત્સવ" (કસુંબીનો
રંગ) કાર્યક્રમ બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
**પરિપત્ર ક્રમાંક: પરચ/૧૨૨૧/૧૧૭૬/છ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૭/૦૮/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા. ૨૪/૦૮/૨૦૨૧નો પત્રક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/૧૫૦૩૦

**પરિપત્ર:-**

રાષ્ટ્રીય શાયર' નું બિરુદ મેળવનાર સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય સેનાની તેમજ સંનિષ્ઠ પત્રકાર એવા ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતી ૨૮ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ છે. શ્રી ઝવેરચંદ મેઘાણીના ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૨૮/૦૮/૨૦૨૧ના રોજ રાજ્ય કક્ષાએ 'વીરરસ ઉત્સવ' (કસુંબીનો રંગ) કાર્યક્રમ શરૂ કરવામાં આવનાર છે. જે અન્વયે શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત ગીતો, ભજન, શૌર્યગીત તથા લોકગીતની સ્પર્ધાઓનું નીચે મુજબની વિગતે આયોજન કરવાનું થાય છે.

| ક્રમ | સ્પર્ધાનું આયોજન | સ્પર્ધાનો સમયગાળો |
|---|---|---|
| ૧ | શાળા કક્ષાએ | તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૦૭/૦૯/૨૦૨૧ |
| ૨ | એસ.વી.એસ કક્ષાએ | તા.૦૮/૦૯/૨૦૨૧ થી તા.૧૪/૦૯/૨૦૨૧ |
| ૩ | જીલ્લા કક્ષાએ | તા.૧૫/૦૯/૨૦૨૧ થી તા.૨૦/૦૯/૨૦૨૧ |
| ૪ | રાજ્ય કક્ષાએ | તા.૨૧/૦૯/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ |

શાળા, એસ.વી.એસ., તથા જિલ્લા કક્ષા માટે આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોમાંથી વિજેતાની પસંદગી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સાથે સંકલન કરવાનું રહેશે. રાજ્ય કક્ષાએ યોજનાર સ્પર્ધામાં વિજેતાની પસંદગી અંગેની કાર્યવાહી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરની કચેરીએ કરવાની રહેશે. શાળા તેમજ એસ.વી.એસ. કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકને પ્રમાણપત્ર, જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર સ્પર્ધકોને અનુક્રમે રૂ.૨૧૦૦/-, રૂ.૧૫૦૦/- અને રૂ.૧૦૦૦/- તથા રાજ્ય કક્ષાએ પ્રથમ પાંચ ક્રમ મેળવનાર સ્પર્ધકોને અનુક્રમે રૂ.૧૧૦૦૦/-, રૂ.૭૫૦૦/-, રૂ.૫૦૦૦/-, રૂ.૪૦૦૦/-અને રૂ.૩૦૦૦/- નું ઈનામ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે થનાર તમામ ખર્ચની ચુકવણી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં

Scanned with CamScanner

આવશે. આ ઉપરાંત કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના જિલ્લાકક્ષાના અધિકારીઓ સાથે સંકલનમાં રહીને સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.હડીબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ, સચિવાલય, ગુજરાત.
- નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી), સેક્ટર ૧૨બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, બ્લોક નં.૧૧, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (જી.સી.ઈ.આર.ટી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલ રાજકોટ/અમદાવાદ.
- ના.સે.અ., સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.